# DORMER PRAMET

## ગુણવત્તા (ક્વોલિટી) પોલિસી

ડોર્મર પ્રામેટ મેટલ કટીંગ ટૂલ્સની સંપૂર્ણ શ્રેણી વિકસાવે છે, તેનું ઉત્પાદન કરે છે અને વૈશ્વિક સ્તરે ગ્રાહકોને સપ્લાય કરે છે. અમે ગ્રાહકોને અમારા ચેનલ ભાગીદારો દ્વારા તેમની સમસ્યાઓના ઉકેલો પહોંચાડીએ છીએ અને લાંબા ગાળાની ભાગીદારી બનાવવામાં, એક્સપર્ટાઇઝ શેર કરવામાં અને દરેક સમયે ગ્રાહકો માટે ઉપલબ્ધ રહેવામાં માનીએ છીએ. **અમારૂ વચન ફક્ત વિશ્વસનીય બનવાનું છે.**

આ પોલિસી તમામ ગુણવત્તાયુક્ત (ક્વોલિટી) પ્રવૃત્તિઓને લાગુ પડે છે. આમાં ડોર્મર પ્રામેટ દ્વારા બજારમાં પ્રદાન થતી તમામ આંતરિક કામગીરી તથા બાહ્ય સેવાઓ જેવી કે સેલ્સ અને સર્વિસીસ નો પણ સમાવેશ થાય છે. ગુણવત્તા (ક્વોલિટી) એ અમારા પ્રદર્શનનું માપ છે જે અમારા ગ્રાહકો અને બજારમાં અમારી સફળતા દ્વારા અનુભવાય છે તથા જેનો આધાર ગ્રાહકોની અપેક્ષાઓ પૂરી કરવા અથવા તેનાથી વધારે કરવાની અમારી ક્ષમતા પર રહેલો છે. ગુણવત્તા શ્રેષ્ઠતા પ્રતિબદ્ધતા અને તમામ કર્મચારીઓ દ્વારા સક્રિય ભાગીદારી પર આધારિત છે, જેનો અર્થ એ છે કે અમારામાંના દરેક અમે જે કામ કરીએ છીએ તેની ગુણવત્તા માટે જવાબદાર છીએ.

---

### સંતુષ્ટ ગ્રાહકો

ડોર્મર પ્રામેટ ખાતે અમે અમારા ગ્રાહકોને એવા ઉત્પાદનો અને સેવાઓ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છીએ કે જે તેમની જરૂરિયાતો અને અપેક્ષાઓ સાથે મળતા હોય કે તેનાથી વધારે હોય. સફળ થવા માટે, અમે સતત અમારા ગ્રાહકોને સાંભળીએ છીએ, તેમની જરૂરિયાતોને સમજીએ છીએ અને અમારા ઉત્પાદનો તથા પ્રક્રિયાઓમાં ટકાઉ સુધારાઓ લાગુ કરીએ છીએ. અગ્રણી બનવા માટે અમારે હંમેશા અમારા સ્પર્ધકો કરતાં વધુ સારું પ્રદર્શન કરવું પડશે અને અમારા ઉત્પાદનો અને સેવાઓ પ્રથમ વખત, સમયસર, દરેક વખતે પહોંચાડવી પડશે. અમારૂ વચન ફક્ત વિશ્વસનીય બનવાનું છે.

### શૂન્ય ખામીઓ (ઝીરો ડીફેક્ટ્સ)

ગુણવત્તા શ્રેષ્ઠતા (ક્વોલિટી એક્સલેન્સ) પ્રાપ્ત કરવા તરફ આપણે જે કંઈ કરીએ છીએ તેમાં શૂન્ય ખામીઓ (ઝીરો ડીફેક્ટ્સ) એક માર્ગદર્શક સિદ્ધાંત છે. આમાં સફળતા મેળવવા માટે નિવારક ક્રિયા, "મારી પાસેથી જ" એવી માનસિકતા અને ઓપરેશનલ શ્રેષ્ઠતા એ અમારી પદ્ધતિઓ છે.

Šumperk Czech Republic, 1. 4. 2022

### મહત્વાકાંક્ષી લક્ષ્યો

અમે અમારી સંસ્થામાં તમામ યોગ્ય સ્તરે મહત્વાકાંક્ષી ગુણવત્તા લક્ષ્યો (ક્વોલિટી ટાર્ગેટ્સ) નક્કી કર્યા છે. - અમારા ગુણવત્તા લક્ષ્યો સ્પષ્ટપણે અમારી વ્યવસાયિક જરૂરિયાતોને ટેકો આપે છે, ગ્રાહક પ્રત્યેનું અમારું ધ્યાન મજબૂત કરે છે તથા ગ્રાહક સંતોષ અને સતત સુધારણા માટે કેવી રીતે યોગદાન કરવું તે દરેક વ્યક્તિને સમજાય તેવું શક્ય બનાવે છે.

### કાનૂની પાલન

ડોર્મર પ્રામેટ કાનૂની અને અન્ય જરૂરિયાતોના પાલન માટે પદ્ધતિસર નો અભિગમ લેવાનું સતત ચાલુ રાખશે.

### સતત સુધારો

અમારી કામ કરવાની રીતનો આધાર તમામ કર્મચારીઓના સમાવેશ અને સશક્તિકરણ સાથે સતત સુધારણાની સંસ્કૃતિ પર રહેલો છે. અમારી પ્રક્રિયાઓને સુધારવામાં દરેકની સક્રિય ભાગીદારી અને અમારા ગ્રાહકોને સેવા આપવી એ ડોર્મર પ્રમેટની અને અમારા ગ્રાહકોની ભવિષ્યની સફળતા માટેની ચાવી છે.

..........................................
Ondřej Balabuch
Head of QEHS and Sustainability

..........................................
Eduardo Martin
President